વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓના સમાચારનું ગુજરાતી માસિક

# કોશિશ થી કામયાબી

૧૫ ડિસેમ્બર-૨૦૧૭
અંક નં. ૬૦



બહેરાં મૂંગા શાળાના બાળકો બન્યા, રાષ્ટ્રપતિભવનના મહેમાન



સંસ્થાની સેવાની મહેંક અમેરિકા પહોંચી



વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી



મા. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે આપણી શાળાઓના દિવ્યાંગ બાળકોની પ્રથમ રો-રો ફેરી સર્વિસની યાદગાર મુસાફરી

હવે આપ વેબસાઈટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઈ શકો છો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 December - 2017 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24



સંસ્થાના હોદ્દેદારો મા.શ્રી અમિત શાહ તથા શ્રી જીતુભાઈ વાઘાણી સાથે




એવોર્ડ મેળવતા શ્રી બિન્દીબેન ત્રિવેદી




સંસ્થામાં વિશ્વ બધિર દિનની ઉજવણી



દિલ્હી ખાતે મા. રાષ્ટ્રપતીશ્રીની મુલાકાતે સંસ્થાના વિદ્યાર્થીઓ




ખેલ મહાકુંભ - ૨૦૧૭માં સંસ્થાના ખેલાડીઓ

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- CONTENTS AT A GLANCE . . . . . ૦૪
- બધિર દિનની ઉજવણી . . . . . . . . . . ૦૫
- 'વર્લ્ડસેરિબ્રલ પાલ્સી ડે'ની ઉજવણી. . . . ૦૫
- સંસ્થાની સેવાની મહેંક અમેરિકા પહોંચી. . ૦૬
- પી.એન.આર. હૉસ્પિટલમાં જડબાનું સફળ ઑપરેશન . . . . . . . . . ૦૬
- એવોર્ડ મેળવતા સંસ્થાના શ્રીમતિ બિન્દીબેન ત્રિવેદી . . . . . . . . . ૦૬
- સંક્ષિપ્ત સમાચાર-ડે કેર સેન્ટર . . . . . . . ૦૭
- સી.પી.સ્કૂલમાં નવરાત્રીની ઉજવણી . . . . ૦૭
- વાચકો લખે છે. . . . . . . . . . . . . . ૦૭
- સંક્ષિપ્ત સમાચાર-નટરાજ કૉલેજ . . . . . ૦૮
- સંક્ષિપ્ત સમાચાર-હાઈટેક સ્કૂલ . . . . . ૦૮
- સંક્ષિપ્ત સમાચાર-સી.પી. શાળા. . . . . . . ૦૯
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . . . . ૧૦
- સંલગ્નિત સંસ્થાઓને દાન મોકલવા માટેની માહિતી . . . . . . . ૧૦
- શાળાના દિવ્યાંગ બાળકો સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની રો-રો ફેરીની યાદગાર મુસાફરી . . . . . . ૧૧
- પાર્કિન્સન્સના દર્દીઓનો પ્રવાસ . . . . . . ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-A.T.&T. ટેક. પાર્ક . . . ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાં મૂંગા શાળા . . . ૧૬
- વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી . . . . . ૧૭
- સંક્ષિપ્ત સમાચાર-PRV . . . . . . . . . . ૧૮
- બહેરાં મૂંગા શાળાના બાળકો બન્યા રાષ્ટ્રપતિભવનના મહેમાન . . . . . . . . . ૧૮
- સંક્ષિપ્ત સમાચાર-TTC . . . . . . . . . . ૧૯
- સંસ્થામાં યોજાયેલ સ્નેહ મિલન . . . . . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાં મૂંગા છાત્રાલય. . ૨૦
- 'માતાઓના મુખેથી' પુસ્તક વિષે . . . . . ૨૦
- જીવનસાથી પસંદગીમેળાનું આયોજન . . . ૨૦
- અભિપ્રાય . . . . . . . . . . . . . . . . ૨૦
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . . . . . ૨૧
- સ્વ. શ્રી અંતુભાઈને શ્રદ્ધાંજલિ . . . . . . . . ૨૧
- અમો ઋણી છીએ દાતાઓના . . . . . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## યુનિવર્સિટીમાં વિકલાંગો માટે ૮૪% જગ્યા ખાલી

તાજેતરમાં ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રસિધ્ધ થયેલાં એક લેખ મુજબ, ભારત સરકારની **નેશનલ સેન્ટર ફોર પ્રમોશન ઓફ એમ્પલોયમેન્ટ ફોર ડિસેબલ્ડ (NCPEDP)**ના જણાવ્યાં મુજબ ભારતની **પ્રથમ ક્રમાંક**ની **૩૨** યુનિવર્સિટીઓ **ત્રણ લાખ** સીટો ધરાવે છે. જેમાં ફકત **૧૬૧૪** વિકલાંગ વિદ્યાર્થીઓ છે. જે કુલ ટકાવારીના **૦.૪૮%**ના એટલે કે, **અર્ધો ટકો** કરતાં પણ ઓછા છે. ખરેખર તો દિવ્યાંગો માટે કુલ સીટના **૩%** રિઝર્વ હોય છે. આમાં પણ ૦.૪૮ના ફકત ૨૮% ટકા જ વિકલાંગ મહિલા છે, જે ખરેખર દુ:ખદ ગણાય.


આજે મોટા ભાગની સરકારી અને એન.જી.ઓ. દ્વારા વિકલાંગો માટે પ્રાથમિક શિક્ષણ અને તાલીમ અપાય છે. પરંતુ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સંસ્થાઓ પ્રમાણમાં ખૂબ જ ઓછી છે. તો નવા વિકલાંગ ધારાની વિવિધ જોગવાઈઓનો લાભ લઈ ઉપરોકત સંસ્થાઓએ, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગ શરુ કરીને વિકલાંગોને કોલેજ કક્ષાએ મોકલવા પ્રોત્સાહિત કરવાનો સમય પાકી ગયો છે. જેથી યુનિવર્સિટીઓમાં વિકલાંગો પૂરતા પ્રમાણમાં શિક્ષણ લઈ, ઉચ્ચ હોદ્દાઓ પર આવી શકે.

**કિરીટ રાઠોડ**

**The Only disability in life is a bad attitude.**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૬૦**
  ૧૫ ડિસેમ્બર - ૨૦૧૭
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **લીલા ચૌહાણ**
  **વૈશાલી યોગી**
  **નેહલ ત્રિવેદી**
  **પરિક્ષિત ભટ્ટ**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**
- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

### ❖ PM's Voyage with a Difference! Divyangs Honoured! History Made! (ન ભૂતો ન ભવિષ્યતિ!)

When Hon. Prime Minister Shri Narendrabhai Modi expressed desire to have company of Divyangs on his inaugural trip in Ro-Ro ferry service from Ghogha to Dahej on 22nd October, 2017, adrenalin coupled with high octane was visible all around within management of K. L. Institute for the Deaf (KLID), Ankur Special School for Mentally Retarded Children (Ankur) and National Association for the Blind (NAB). Shri Girishbhai Shah, President and Shri Ashwin Pandya, Secretary and staff of the KLID went into action at a very short notice and inspite of midterm break in schools, they could mobilise 20 deaf children from KLID, 20 from Ankur and 10 from NAB and led them to Ghoha Ro-Ro terminus to join the PM.

Never before in the history has any head of a country ever chose a company of special children for dedication of a prestigious project to his country! For Divyangs and their teachers it was a captivating journey. Hon. P.M. tried to communicate with these children during the journey and enjoyed their company. The children were overwhelmed with joy all the way.

### ❖ Rare Guests of Rashtrapati Bhavan

Six deaf children of KLID who bagged honour in the different fields accompanied by Special Educator Smt. Binaben visited Rashtrapati Bhavan on 14th Nov. 2017 – Children Day. They met H.E. Ramnath Kovind who warmly treated them and permitted a photo session with him.

### ❖ World Deaf Day, World Cerebral Palsy Day & World Disabled Day Celebrated

The World Deaf Day on 26th Sept. 2017, World Cerebral Palsy Day on 6th October, 2017 and World Disable Day on 3rd Dec. 2017 were celebrated by PNR Society and its associated institutions by organizing educative programmes with a view to bring home the fact that they are differently abled and they deserve respect in the mainstream society.

### ❖ Smt.Bindiben bags 'Lifetime Achievement Award'

Smt. Bindiben of KLID bagged Lifetime Achievement Award 2017 from Indo-European Chamber of Small and Medium Enterprises – Delhi. Congratulations!

### ❖ "Koshish thi Kamyabi" Magazine Inspires Readers

The USA-based Shri Bhagvanbhai Sitarambhai Bhakta and Smt. Kanchanben Bhagwanbhai Bhakta regularly reads this magazine and are impressed with the services rendered for the cause of disable community. During their visit to PNR Society they donated Rs. 4 lakhs to the Corpus Fund. Grateful thanks to them.

### ❖ Rubella Vaccination Team Excels

Under Prevention of Disability Programme, Rubella Immunization, administering Rubella vaccine to 12+ girls and women to prevent birth of disable children, broke all time record by immunizing 721 girls and women within 3 days. Congrats!

### ❖ Other News

Other important activities of PNR Society and associated institutions, important news, list of donors, etc. are described in this issue.

# શ્રી ખી.લ. બહેરાં મૂંગા બાળકોની શાળામાં બધિરદિનની ઉજવણી



શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળાના સ્થાપના દિવસના અનોખા સંયોગે, શાળામાં તા. ૨૬-૦૯-'૧૭ મંગવારે **વિશ્વબધિર દિન**ની ઉજવણી વિશેષ કાર્યક્રમ દ્વારા કરવામાં આવી. આ દિવસે સમધારણ બાળકોની શાળાઓ, શ્રી અમરજયોતિ સરસ્વતિ ઈન્ટરનેશનલ સ્કૂલ, શ્રી ડી. આર. ટાંક સરસ્વતિ માધ્યમિક શાળા, રઘુકુળ, શ્રી દક્ષિણામૂર્તિ વિનય મંદિર સ્કૂલ, શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય, સર્વશિક્ષા અભિયાન અંતર્ગતની શાળા, શ્રી વિશુધાનંદ વિદ્યામંદિર સ્કૂલ તથા અંધઉદ્યોગ શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરેલ. તેમજ આપણી શાળાના બાળકોએ પણ **ફ્યૂઝન રાસ** રજૂ કરેલ.

વિવિધ શાળાઓમાંથી આવેલ બાળકો અને તેમના પ્રિન્સિપાલ, શિક્ષકોએ શાળા દર્શન કરી, વિવિધ વિભાગોની મુલાકાત લીધેલ. આ કાર્યક્રમનો હેતુ સમધારણ લોકો, શ્રવણમંદોને સારી રીતે સમજી સમાજમાં પુનઃસ્થાપિત થવામાં મદદરૂપ બને તે હતો. આમંત્રિત દરેક શાળાની ટીમને મેમેન્ટો આપી સન્માનિત કરેલ. ત્યારબાદ આ દિવસે **બ્લડ ડોનેશનનો કેમ્પ** પણ રાખવામાં આવેલ. સર.ટી. હોસ્પિટલ બ્લડ બેંકની ટીમે કાર્યક્રમમાં સુંદર કામગીરી કરેલ. તેઓનું પણ મેમેન્ટો આપી સન્માન કરાયું.

# 'વર્લ્ડ સેરિબ્રલ પાલ્સી ડે' ની ઉજવણી સંપન્ન



ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સેરિબ્રલ પાલ્સી (મગજનો લકવા) ધરાવતાં બાળકોની વિશિષ્ટ શિક્ષણ અને તાલિમ તથા સાર-સંભાળ માટેની સંસ્થા ખાતે, તા.૬ ઓકટોબર'૧૭ ના રોજ **'વર્લ્ડ સેરિબ્રલ પાલ્સી (સી.પી.) દિન'** આ પ્રસંગે ઈનામ વિતરણ કરવામાં આવેલ. સ્વ. કાન્તિભાઈ એલ. મહેતાની સ્મૃતિમાં દિવ્યાંગ બાળકો અને વિશિષ્ટ શિક્ષકો દ્વારા હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવેલ હતો.

વિશિષ્ટ શિક્ષક શ્રી જયોતિબેન દ્વારા ગવાયેલ પ્રભુ ભજન દ્વારા શુભારંભ કરાયેલ. આ સમારંભમાં સંચાલક શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહે પ્રસંગ પરિચય આપેલ હતો. વિશિષ્ટ બાળકોએ મનોરંજક કાર્યક્રમ રજૂ કરી બધાને મોજમાં લાવી દીધેલ. આ પ્રસંગે સ્વ. કાંતિભાઈ એલ. મહેતાના પરિવારના શ્રી સંજયભાઈ મહેતા, વિશિષ્ટ બાળકો તેઓના વાલીઓ, કર્મચારીગણ તથા ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહેલ હતાં.

શ્રી અશ્વિનભાઈ પંડયા, મંત્રી (કે.એલ.) એ પોતાના ઉદ્‌બોધનમાં મગજના લકવાના કારણો, તકેદારી અને નિવારણ અંગે રસપ્રદ વાતો રજૂ કરી હતી. સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે હાથના સૂક્ષ્મહલન-ચલન કરવાની ક્ષમતા ન હોવા છતાં જે બાળકોએ વિશિષ્ટ શિક્ષકની મદદથી રંગોળીઓ સજાવી હતી, તેની જહેમતની વાત કરી અમરજયોતિ ઈન્ટરનેશનલ સ્કૂલના ચિત્ર શિક્ષક શ્રી વિજયભાઈ બારૈયા દ્વારા હરિફાઈમાં પસંદ થયેલાં વિશિષ્ટ બાળકો તથા શિક્ષકોને પ્રોત્સાહક ઈનામો ટ્રસ્ટીગણ દ્વારા એનાયત કરાયા હતાં. શ્રી કાર્તિકભાઈ વ્યાસે આભારવિધિ કરેલ.

# સંસ્થાની સેવાની મહેંક અમેરિકા પહોંચી...



તા.૬-૧૨-'૧૭ ના રોજ અમેરિકા સ્થિત શ્રી ભગવાનભાઈ સીતારામભાઈ ભકત તથા શ્રીમતી કંચનબેન ભગવાનભાઈ ભકત; સ્ટેટ બેંકના રીટાર્યડ ઓફિસર શ્રી રાજુભાઈ જાનીના સંગાથે પી.એન.આર. સોસાયટીની મુલાકાતે આવેલ. તેમના જણાવ્યાં મુજબ,"**"કોશિશ થી કામયાબી"** તેઓ નિયમિત વાંચે છે. અને સંસ્થાની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયા છે." તેઓએ આ સંસ્થાના **'કોર્પસ ફંડ'** માટે રૂા. ૨ લાખ સ્વ. પ્રભુભાઈ ડાયાભાઈ દેસાઈ તથા સ્વ. માલીબેન પ્રભુભાઈ દેસાઈના સ્મરણાર્થે, હસ્તે સન્મુખભાઈ પ્રભુભાઈ દેસાઈ (અમેરિકા) તથા રૂા. ૨ લાખ સ્વ. સીતારામભાઈ રણછોડજી ભકત તથા સ્વ. રેવાબેન સીતારામભાઈ ભકતના સ્મરણાર્થે, હસ્તે ભગવાનભાઈ સીતારામભાઈ ભકત (અમેરિકા) દ્વારા, પી.એન.આર. સોસાયટીના હોદ્દેદારોને ચેક અર્પણ કરાયાં હતાં.

# પી.એન.આર. હોસ્પિટલમાં જડબાનું સફળ ઓપરેશન



વસંતબેન લલ્લુભાઈ સોનગરા ઉંમર ૬૫ વર્ષ, બોટાદ જેઓને સોપારી-તમાકુ-વાળા માવા ખાવાની ટેવને લીધે મોઢું ખૂલતું બંધ થઈ ગયું હતું. છેલ્લાં દસ વર્ષથી તકલીફના કારણે મોઢું સાવ બંધ થઈ જવાથી દર્દીને ખાવા-પીવામાં પણ મોઢાનો ઉપયોગ દિન-પ્રતિદિન ઘટતો જતો અને દુખાવો દિવસને-દિવસે વધતો જતાં તેઓ અસહાયતા અનુભવી રહયાં હતાં. એઈમ્સમાંથી ડિગ્રી પ્રાપ્ત કરનાર ડૉ. યતિન ખોલકિયા, **ઓરલ સર્જન** છે. સૌરાષ્ટ્રમાં ઓરલ સર્જન ખૂબ જૂજ છે. તેમનું વતન ભાવનગર હોય, તેમની સેવા ભાવનગરને મળી રહે છે. જડબાના જટીલ ઓપરેશન પી.એન.આર. હોસ્પિટલમાં સેવાકિય ભાવનાથી રાહતમાં કરવામાં આવે છે.

આ બહેનનું ઓપરેશન ડૉ. યતિન તથા તેમની ટીમના ત્રણ ડૉક્ટર તથા હોસ્પિટલના એનેસ્થેસિયા તથા રાજુભાઈ ઉપાધ્યાયની જહેમતથી બહેનનું મોઢું સાવ બંધ હતું અને તે ખૂલતું ન હતું, તે ઓપરેશન બાદ ચાર આંગળ ખૂલી શકયાનું પરિણામ આવેલ છે. આ જટીલ ઓપરેશન પી.એન.આર. હોસ્પિટલમાં થતાં ગૌરવ અને સંતોષની સાથે, દર્દીના સંબંધીઓએ આભારની લાગણી વ્યકત કરેલ છે.

# એવોર્ડ મેળવતા સંસ્થાના શ્રીમતિ બિન્દીબેન ત્રિવેદી

શ્રી ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાં મૂંગા શાખાના વેલ્ફેર ઓફિસર શ્રીમતિ બિન્દીબેન ત્રિવેદીને "INDO UROPEAN CHAMBER OF SMALL AND MEDIUM ENTERPRISES IN ASSOCIATION WITH GOVERNMENT OF INDIA - DELHI" દ્વારા, તેમના બહેરાં મૂંગા બાળકોના કલ્યાણ માટે આપેલ આજીવન સેવા બદલ શકિત લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ-૨૦૧૭ થી સન્માનિત કરેલ છે. શ્રીમતિ બિન્દીબેને ૪૦ વર્ષ બહેરાં-મૂંગા બાળકોને સમાજમાં સ્થાપિત કરવા, તેમજ તેમના કૌશલ્ય ખીલવી, સ્વમાનભેર જીવી શકે અને પોતાના કુટુંબના ભરણ પોષણની જવાબદારી નિભાવી શકવા માટે સક્ષમ બને, તે માટે તેઓએ પ્રયત્નો કર્યા છે. તેમના આ પ્રયત્નને નીચે મુજબ બિરદાવેલ છે. "This Shakti Life Time Award Honours the path breaking efforts of Smt. Bindinben D. Trivedi in Creating a Superior Place in the World of Women." સંસ્થા પરિવાર, શ્રીમતિ બિન્દીબેનને તેમણે મેળવેલ નેશનલ લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ બદલ ગૌરવ અનુભવે છે અને તેમને અભિનંદન પાઠવે છે.



# સંક્ષિપ્ત સમાચાર

✍ કલ્પનાબેન ભટ્ટ
(પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર)



## ડે કેર સેન્ટર

પી.એન.આર. સોસાયટી દ્વારા જૂન-જુલાઈ- ૨૦૧૭ થી **ડે કેર સેન્ટર**નો પ્રારંભ કરવામાં આવેલ છે. આ **ડે કેર સેન્ટર**માં ૧૮ થી ૩૫ વર્ષના **એમ.આર., સી.પી., ઓટિઝમ, બહુવિકલાંગ**ની વિકલાંગતા ધરાવતાં યુવક/યુવતિઓ માટે છે.

શરૂઆતમાં ૮ બાળકો અલગ-અલગ વિકલાંગતા ધરાવતાને એડમિશન આપવામાં આવે છે, જેઓનો **વોકેશનલ પિરીયડ** વિકલાંગતા ધરાવતી સંસ્થાઓમાં પૂરો થાય પછી, આ ઉંમરના બાળકોને દૈનિક જીવનના દરેક કૌશલ્યો, વ્યવહારિક ક્રિયાઓ, ક્રાફ્ટ વર્ક અને આનંદિત વાતાવરણ પુરુ પાડવાનું ધ્યેય આ સેન્ટરનું રહેલું છે.

આ સેન્ટરમાં આવતાં બાળકોનું સમયાંતરે એસેસમેન્ટ કરવામાં આવે છે. બાળકોને ઘર જેવું વાતાવરણ મળી રહે તેમજ આનંદીત વાતાવરણમાં રહી શકે તે માટેના સાધનો જેવા કે, ટી.વી., ફિલ્મ, ગીતો; બાળકો બપોરે આરામ કરવા ઈચ્છા ધરાવે તો, તે અંગેની વ્યવસ્થા કરવામાં આવે છે. આ **ડે કેર સેન્ટર**માં બાળકોને બપોરે નાસ્તો પણ આપવામાં આવે છે. ખુલ્લાં વાતાવરણમાં રમત-ગમતના સાધનો, સસલા ઘર, બતક ઘર, સાથે આ બાળકો ટહેલતા હોય છે. અને તેઓ ખૂબજ આનંદથી મોજ કરે છે.

## સી.પી. સ્કૂલમાં નવરાત્રીની ઉજવણી



નટરાજ સ્પેશ્યલ સ્કૂલ ફોર સેરેબ્રલ પાલ્સીમાં તા.૨૩/૦૯/૨૦૧૭ ના રોજ વિશિષ્ટ સી.પી. બાળકો, વાલીઓ, સંસ્થાના કાર્યકરોની વિશાળ ઉપસ્થિતમાં **રાસ ગરબાની રમઝટ** તથા વાલીઓને પ્રોત્સાહિત કરતી **આરતી ડેકોરેશન સ્પર્ધા** તેમજ **ફેન્સી ટ્રેડિશનલ ડ્રેસ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. વ્હીલચેર બાઉન્ડ બાળકોએ ગરબા લીધાં. આ કાર્યક્રમમાં રાસ ગરબામાં સર્વશ્રી યુવરાજભાઈ, રાજેન્દ્રભાઈ (શ્રવણમંદ બાળકોના શિક્ષક), શ્રી મીનાક્ષીબેન ભટ્ટ (ગાયિકા, નિવૃત ગૃહમાતા, અંધ શાળા), શ્રી શશીકલાબેન ધંધુકિયા (નિવૃત બેંક એમ્પ્લોય) એ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં બેસ્ટ આરતી ડેકોરેટેડ, ટ્રેડિશનલ ડ્રેસ અને રાસ ગરબામાં વિશિષ્ટ બાળકો, વાલીઓ અને સ્ટાફમાં ૩૦ આકર્ષક ઈનામો, ઉપસ્થિત મહેમાનો સર્વશ્રી બાબાભાઈ, શ્રી મફતભાઈ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી રાજુભાઈ હકાણી વિગેરેના હસ્તે અપાતાં ગરબાના ખેલૈયા વિદ્યાર્થીઓ અને વિજેતાઓનો ઉમંગ ઉત્સાહ ખૂબજ વધ્યો હતો.

## વાચકો લખે છે ....

Lady France
The Old Vicarage
Silver Street
Lyme Regis, DT7 3HS UK

Dear friends at PNR Society -
What a joy to receive your news with photos, & a special loving touch of a page in English for such as I who do not know your language. Thank you.
Congratulations especially to Shri Anant K. Shah on his award. It always lifts my heart to know that you are all working with such loving hearts. May God enable you to continue to do so many good things. Anne France



# સંક્ષિપ્ત સમાચાર

✍ વર્ષા એચ. ચાવડા



## નટરાજ રિસર્ચ સેન્ટર એન્ડ ટ્રેનિંગ કૉલેજ

### ૧. સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર :

નટરાજ કોલેજ ખાતે ચાલતાં **"સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર"** (SFITC) માં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં Computer Operator and Programming Assistant (COPA) ના એક વર્ષના અભ્યાસક્રમમાં કુલ ૧૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. નોંધનિય બાબત એ છે કે, પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી એક વિદ્યાર્થી બહેરાં-મૂંગો છે, તેને પણ સામાન્ય વિદ્યાર્થીઓની સાથે વ્યવસ્થિત અને સઘન તાલીમ કુ. કૃપાલી બારડ દ્વારા આપવામાં આવી રહી છે, આ અભ્યાસક્રમનું શિક્ષણકાર્ય તા.૧-૯ થી શરૂ કરવામાં આવેલ હતું. આ વિદ્યાર્થીઓએ તા.૫-૯-૧૭ ના રોજ **"શિક્ષક દિન"** ની ઉજવણી કરેલ હતી જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર સ્વશિક્ષણની કામગીરી કરેલ હતી.

### ૨. સ્પે. બી. એડ્. અભ્યાસ કેન્દ્ર :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના Sp. B. Ed.Edu. (VI, HI, MR) અભ્યાસક્રમોના કાર્યક્રમ સત્ર ૨૦૧૭-૧૯ ના વર્ષના પ્રવેશ તા.૧-૯-૧૭ થી શરૂ થયેલ છે, જે તા. ૧૫-૧૦-૧૭ સુધી શરૂ રહેનાર છે. આ અંગેની પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન હોવાથી, તે અંગેની મીટિંગ તથા **પ્રવેશ સંબંધિત પ્રેઝન્ટેશન** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, છારોડી, અમદાવાદ ખાતે, તા.૩૧-૮-૧૭ ના રોજ રાખવામાં આવેલ. જેમાં કેન્દ્ર સંયોજક તરીકે શ્રી વર્ષાબેન ચાવડા અને સાથે કુ. કૃપાલી બારડ આ મીટિંગમાં ઉપસ્થિત રહેલ હતાં.

### ૩. ડિપ્લોમા ઈન સ્પેશ્યલ એજ્યુ. અભ્યાસક્રમ:

કોલેજ ખાતે ચાલતાં RCI, New Delhi, માન્યતા પ્રાપ્ત **ડિપ્લોમાં ઈન સ્પેશ્યલ એજ્યુકેશન** (D.Ed.Se.) બે વર્ષના અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૯ માં D.Ed.Se. (DHH) (શ્રવણમંદતા) માં કુલ ૨૩ વિદ્યાર્થીઓ, D.Ed.Se. (MR) (મંદબુધ્ધિ) માં કુલ ૦૭ વિદ્યાર્થીઓ, D.Ed.Se. (VI) (દ્રષ્ટિહીન) માં કુલ ૧૦ વિદ્યાર્થીઓ, અને D.Ed.Se. (CP) (મગજનો લકવા) માં કુલ ૧૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. આ એડમિશન અંગે તમામ કોર્સ કો-ઓર્ડિનેટરે સખત જહેમત ઉઠાવેલ હતી.


### ૪. જિલ્લા બાળ સુરક્ષા, ભાવનગરનો કાર્યક્રમ:

નટરાજ કોલેજ ખાતે જિલ્લા બાળ સુરક્ષા, ભાવનગરનો સ્પે. જુવેનાઈલ પોલિસ યુનિટ, રેલ્વે પોલિસ, જે.જે.બી. ના સભ્યશ્રીઓનો એક દિવસીય તાલિમ કાર્યક્રમ તા.૮-૯-૧૭ ના રોજ યોજાયેલ, જેમાં નાયબ પોલિસ અધિક્ષક શ્રી ડી.ડી. ચૌધરી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી એસ.આઈ. દેસાઈ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી એન. બી. ચૌહાણ, લિગલ કમપ્રોબેશન ઓફિસર શ્રી આર. એમ. પરમાર, પ્રોટેકશન ઓફિસર શ્રી પી.એમ. ખેરાળા અને પ્રોટેકશન ઓફિસર શ્રી જે. કે. રહેવર તથા મહેમાનોએ આ કાર્યક્રમમાં હાજરી આપેલ હતી. આ કાર્યક્રમમાં જૂવેનાઈલ જસ્ટિસ એકટ ૨૦૧૫, જાતિય ગુનાઓથી બાળકોને રક્ષણ આપતો અધિનિયમ- ૨૦૧૨, તેમજ બાળકો સંદર્ભે યોજનાઓ, સંબંધિત ચર્ચાઓ કરવામાં આવી હતી.




# સંક્ષિપ્ત સમાચાર

✍ ડૉ. ધીરુભાઈ ધંધુકિયા



## 'હાઈટેક' બાલમંદિર અને પ્રાયમરી સ્કૂલ

### ૧. ચલો ડે તથા બાલદિન :

હાઈટેક પ્રાયમરી સ્કૂલમાં ધો. ૧ થી ૫ તથા બાલમંદિર વિભાગમાં **ચલો ડે** તથા **બાલદિન**ની ઉજવણી કરવામાં આવી હતી.

### ૨. આરોગ્ય તપાસ :


હાઈટેક પ્રાયમરી સ્કૂલ દ્વારા ધો. ૧ થી ૫ તથા બાલમંદિર વિભાગમાં **આરોગ્ય તપાસણી** કરવામાં આવેલ.





# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### ૧. દિવ્યાંગ બાળકોએ ચર્ચની પ્રેયર કરી :



તા.૧૪/૧૧ના રોજ શ્રી પી.એન.આર.સોસાયટી સંચાલિત વિકલાંગ પૂનર્વસન કેન્દ્ર, પાલીતાણામાં સારવાર લઈ રહેલ દિવ્યાંગ બાળકોને મંદિર ઉપરાંત ધાર્મિક સ્થળોની સંકલ્પનાનો વિકાસ સાધવા માટે, સેન્ટરની બાજુમાં આવેલ ચર્ચની મુલાકાત કરાવવામાં આવી. સ્પેશ્યલ એજયુકેટર પૂજાબેન મહેતાએ **ચર્ચ** વિશે સમજણ આપી અને ફાધરે દિવ્યાંગ બાળકોને તેમના વિકાસમાં પ્રગતિ થાય તેવા આશીર્વચન પાઠવ્યાં.

### ૨. સી. પી. સ્કૂલમાં બાલદિવસની ઉજવણી :



તા.૧૪ નવેમ્બર એટલે કે, **બાલદિવસ** સમગ્ર ભારતમાં ઉજવાતાં આ દિવસને દિવ્યાંગ સી.પી., એમ.આર., મલ્ટીપલ ડિસેબિલીટી તથા ઓટીઝમ ધરાવતા વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૫/૧૧ ના રોજ અનોખી રીતે ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગને યાદગાર બનાવવા સ્થાનિક વોડાફોન કંપની ગ્રુપના શ્રી ભાવિનભાઈ ખત્રી તથા તેમની ટીમ દ્વારા બલૂન ફૂલાવવા, બલૂન ફોડવા, ચિત્ર સ્પર્ધા, બલૂનની આકાશમાં ઉડાન, બેલેન્સ ગેમ, કેક સેરેમની, ગીત ગાનની પ્રવૃત્તિઓ કરાવી, બધા વિદ્યાર્થીઓને સ્પેશયલ ગીફ્ટ, સ્વાદિષ્ટ ભોજન વગેરેથી વિદ્યાર્થીઓને **ખુશ-ખુશાલ** બનાવવા ખૂબ જ જહેમત કરવામાં આવી. આ પ્રસંગમાં સી.પી. સ્કૂલનો સમગ્ર સ્ટાફ ઉત્સાહ ભેર જોડાયો. બલૂનની આકાશમાં ઉડાન સમયે હાઈટેક પ્રાયમરી સ્કૂલનાં ધો–૧ થી ૫ના વિદ્યાર્થીઓએ, શિક્ષકો સાથે સ્થળ પર આ કાર્યક્રમનો સમૂહમાં આનંદ માણ્યો.

### ૩. CRE પ્રોગ્રામ :




શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સી.પી. સ્કૂલમાં તાજેતરમાં તા-૧૬/૧૧/'૧૭ થી તા-૨૦/૧૧/'૧૭ દરમિયાન યોજાયેલ પ્રોગ્રામ Development Of Pre Vocational & Vocational Skill, Niepmd-ચેન્નઈ, RCI ન્યુ દિલ્હી માન્યતાં પ્રાપ્ત CRE પ્રોગ્રામનું આયોજન કરેલ, જેમાં તજજ્ઞ શ્રી ડૉ. વસીમ અહેમદ Assistant Profesar of Goverment Rehabilitation (MR) & Intleactual Disability, Chandigadh ચંદીગઢથી આવેલ, જેમણે પાર્ટિસીપેટસના જ્ઞાનમાં વધારો કરી, આ વિષયને ઊંડાણપૂર્વક સમજાવેલ. આ જ્ઞાનવર્ધક કાર્યક્રમમાં આ શ્રેત્રની સ્થાનિક સંસ્થાઓ, અમદાવાદ અને ચંદીગઢથી નેશનલ રીસોર્સ ફેકલ્ટીએ થીયરી, પ્રેકટીકલ અને ડેમોસ્ટ્રેશનથી ખૂબ ઉચ્ચકક્ષાની તાલીમ આપી. જેનો ભાવનગર અને અન્ય જિલ્લાઓમાંથી દિવ્યાંગોના તાલીમ શિક્ષકોએ લાભ લીધો હતો. તેમજ આ પ્રોગ્રામનું આયોજન શ્રી જિજ્ઞાબેન શાહના માર્ગદર્શન હેઠળ, શ્રી રેશ્માબેન ભાવસારે કરેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ

**સપ્ટેમ્બર-'૧૭ થી નવેમ્બર-'૧૭, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૯૩ | ૨૪ (૨ પોલિયો) | જનરલ ઓપીડી | ૧૪૦૫ | - |
| આંખ | ૬૭૭ | ૧૦૮ | હોમિયોપેથી | ૩૭૩ | - |
| છારી કાઢેલ | - | ૨૬ | એક્ષ-રે | ૧૬૪ | - |
| ઈ.એન.ટી. | ૭૮૦ | ૧૯ | લેબોરેટરી | ૪૩૪ (દર્દી) | ૧૨૪૧ (ટેસ્ટ) |
| ઓર્થોસ્કોપી | ૪૯ | - | ત્રાંસી આંખ | ૪૦ | ૦૨ |
| પ્લાસ્ટિક સર્જરી | ૩૭ | ૨૨ | રસીકરણ | ૫૮ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૩ | ૪ | ચામડી | ૬૩ | - |
| ડેન્ટલ | ૧૬૫ | ૮૭ | સાયકાટ્રિક | ૦૫ | - |

# સંલગ્નિત સંસ્થાઓને દાન મોકલવા માટેની માહિતી

**સંસ્થાનું નામ : પી.એન.આર. સોસાયટી ફોર રિલીફ એન્ડ રિહેબિલિટેશન ઓફ ધી ડિસેબલ્ડ**
સરનામું : ૫૧, વિદ્યાનગર, ભાવનગર - 364 002
ફોન નં. : (૦૨૭૮) ૨૪૨૦૮૩૬, ૨૪૨૯૩૨૬
ઈમેલ : info@pnrsociety.org
વેબસાઈટ : www.pnrsociety.org

**સંસ્થાનું નામ : પી.એન.આર. સોસાયટી ફોર રિલીફ એન્ડ રિહેબિલિટેશન ઓફ ધી ડિસેબલ્ડ**
સરનામું : નટરાજ રિસર્ચ સેન્ટર એન્ડ ટ્રેઈનિંગ કોલેજ કેમ્પસ, સરદાર પટેલ સ્કૂલ પાસે, કાળિયાબીડ, ભાવનગર - 364 002
ફોન નં. : (૦૨૭૮) ૨૫૭૦૧૨૬, ૨૪૭૦૨૩૨
ઈમેલ : info@pnrsociety.org
વેબસાઈટ : www.pnrsociety.org

1) Name of A/c : PNR Society
2) Name of Bank : State Bank of India
3) Name of Branch : Krishnanagar, Bhavnagar
4) S/B A/C No. : 56009062951
5) IFS Code No. : SBIN0060009
6) FCRA A/C No. : 56009006837
7) SWIFT CODE : SBININBB619
8) PAN NO. : AAATP1877E

PNR HOPE 4 HANDICAPPED

Note : RTGS / NEFT થી દાન મોકલવાનું થાય તો દાતાશ્રીનું નામ, સરનામું તથા પાન નંબર અવશ્ય જણાવશો અથવા ઈમેલથી જણાવશો.

**સંસ્થાનું નામ : શેઠ શ્રી વી. સી. લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલ**
સરનામું : પથિકાશ્રમ પાસે, ભાવનગર - 364 001
ફોન નં. : (૦૨૭૮) ૨૪૨૪૧૭૯, ૨૫૧૩૧૫૨
ઈમેલ : vclodhawalla2012@gmail.com

1) Name of A/c : BHAVNAGAR NAVJAWAN SANGH
2) Name of Bank : Dena Bank
3) Name of Branch : Panwadi Branch, Bhavnagar
4) S/B A/C No. : 031010033185
5) IFS Code No. : BKDN0320310
6) FCRA A/C No. : -
7) SWIFT CODE : -
8) PAN NO. : AAATD1586E

**સંસ્થાનું નામ : શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ**
સરનામું : ૫૧, વિદ્યાનગર, ભાવનગર - 364 002
ફોન નં. : (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
ઈમેલ : klinstitute.deaf@gmail.com
વેબસાઈટ : www.klinstitutedeaf.org

1) Name of A/c : શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા ટ્રસ્ટ
2) Name of Bank : State Bank of India
3) Name of Branch : Krishnanagar, Bhavnagar
4) S/B A/C No. : 56009006430
5) IFS Code No. : SBIN0060009
6) FCRA A/C No. : 66002635440
7) SWIFT CODE : SBININBB619
8) PAN NO. : AAATK1857H

Note : RTGS / NEFT થી દાન મોકલો તો સંસ્થા ઉપર કોના નામની પહોંચ જોઈએ છે અને કયા હેતુ માટે આ રકમ વાપરવાની છે તે જણાવશો. તેમજ દાતાશ્રીનું નામ, સરનામું તથા પાન નંબર અવશ્ય જણાવશો અથવા ઈમેલથી જણાવશો.

**સંસ્થાનું નામ : 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા**
સરનામું : પ્લોટ નં. ૧૯૪૫, વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ પાસે, સરદારનગર સર્કલ, ભાવનગર.
ફોન નં. : (૦૨૭૮) ૨૫૬૬૯૫૬, ૨૫૭૩૦૩૮
ઈમેલ : ankurmrschool.bvn@gmail.com
વેબસાઈટ : www.ankurspecialschoolbhavnagar.org

1) Name of A/c : "ANKUR" Special School for Mentally Retarded Children
2) Name of Bank : State Bank of India
3) Name of Branch : Sardarnagar, Bhavnagar
4) S/B A/C No. : 31292832150
5) IFS Code No. : SBIN0060288
6) FCRA A/C No. : 30689037502
7) SWIFT CODE : -
8) PAN NO. : AAATA2757Q

COMMITMENT TO EXCELLENCE

Details of FCRA A/c. of
Ankur Special School for Mentally Retarded Children
1) FCRA A/C No. : 30689037502
2) Name of Bank : State Bank of India
3) Name of Branch : Krishnanagar, Bhavnagar
4) IFS Code No. : SBIN0060009
5) PAN NO. : AAATA2757Q

# "શાળાના દિવ્યાંગ બાળકો સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની રો-રો ફેરીની યાદગાર મુસાફરી..."







સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વચ્ચેનું અંતર અને મુસાફરીનો સમય ઘટાડવા ઉપરાંત, રાજય ધોરી માર્ગ પરનો ટ્રાફિક હળવો કરવાના આશયથી ૨૨ મી ઓકટોબરે **ઘોઘા-દહેજ ફેરી સર્વિસ**ના પ્રથમ ફેઝરૂપે પેસેન્જર શીપનો ઘોઘા-ભાવનગરથી પ્રારંભ થયો. આ શીપના પ્રથમ મુસાફર બનવા આપણાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ગુજરાત સરકારે આમંત્રિત કર્યા હતાં. વડાપ્રધાનશ્રીએ આ નિમંત્રણને સ્વીકાર્યું અને ઈચ્છા વ્યકત કરી કે, મારી આ ઐતિહાસિક સફરમાં દિવ્યાંગ બાળકો મારા સંગાથી બને, અને આ લ્હાવો પી.એન.આર. સોસાયટી સંલગ્નિત સંસ્થાના ૫૦ બાળકોને મળ્યો.

PM શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, શ્રી ખી.લ.બહેરાં-મૂંગા શાળાના ૨૦ બાળકો, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળાના ૨૦ બાળકો, NAB સંચાલિત, **સંમલિત શિક્ષણ** યોજનાના ૧૦ બાળકો, પ્રમુખશ્રી ગિરીશભાઈ શાહ, મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા, શ્રી કવિતાબેન શાહ, શ્રી હર્ષાબેન આશરા, શ્રી રઝિયાબેન, શ્રી જયપાલસિંહ, શ્રી ઉજ્જવલાબેન સાથે મુસાફરી કરી. મુસાફરી દરમ્યાન વડાપ્રધાનશ્રીએ બાળકો સાથે ઘણી વાતો કરી, બાળકોએ તેમને પ્રાર્થના સંભળાવી, પોતાના શોખ જણાવ્યાં અને વડાપ્રધાનશ્રીને મળવાની તક માટેનો ઉત્સાહ અને ખુશી વ્યકત કર્યા, બાળકોએ, **અમે નસીબદાર બાળકો છીએ** તેમ જણાવ્યું. કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાવી સામાન્ય શાળામાં અભ્યાસ કરતી **કુ. ફોરમ જોષી**ના વિકાસની વાત ખૂબજ રસ દાખવીને સાંભળી. દિવ્યાંગોના શૈક્ષણિક વિકાસને ધ્યાને લઈ દરેક બાળકને તેમણે **ટેબલેટ ની ભેટ** આપી, બાળકોને પ્રોત્સાહિત કર્યા. શ્રવણમંદ બાળકોની **સાંકેતિક ભાષા**ને શ્રી કવિતાબેને ઈન્ટરપ્રિટ કરી, વડાપ્રધાનશ્રી સુધી બાળકોના વિચારો પહોચાડયાં.

અંતમાં દિવ્યાંગોની ઈચ્છાને માન્ય રાખી, દહેજ જેટી પર બાળકો તથા કર્મચારીઓ સાથે યાદગાર તસ્વીર લેવામાં આવી. ૪ વાગે દહેજથી ઘોઘા તરફ પરત આવવાની સફરમાં બાળકોએ આ શીપ વિશેની વિશેષ જાણકારી મેળવી. **ઈન્ડિગો સી વેઝ**ના ઓનરની પુત્રી મૈત્રી કોન્ટ્રાકટરે પણ દિવ્યાંગ બાળકોનો અનુભવ મેળવી, સંવેદના વ્યકત કરેલ. દિવ્યાંગ બાળકોની આ યાદગાર સફર માટે જિલ્લા કલેકટર શ્રી હર્ષદભાઈ પટેલ, અધિક કલેકટરશ્રી તલાટી સાહેબ, R.D.O. શ્રી ઉમેશભાઈ વ્યાસ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી સંદિપભાઈ દેસાઈ, PO. પ્રદિપસિંહ ગોહિલ આ સૌનો સંસ્થા આભાર માને છે. તેમજ સંસ્થાના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, તથા ઉપરોકત કર્મચારી મિત્રોએ આ સફરને સફળ બનાવવા ખૂબજ જહેમત ઉઠાવી હતી.





























# પાર્કિન્સન્સના દર્દીઓનો પ્રવાસ

શ્રી બી. કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ જે, પી. એન. આર. સોસાયટીમાં ચાલે છે, તેના પાર્કિન્સન્સના દર્દીઓનો પ્રવાસ તા. ૮ ઓક્ટોબર - ૨૦૧૭ને રવિવારના, નાગધણીબા તથા માળનાથ ખાતે યોજાયેલ. જેમાં ૨૫ પાર્કિન્સન્સના દર્દીઓ તથા ફિજીયોથેરાપીસ્ટ શ્રી અમિતભાઈ મિત્રા અને શ્રી ભાવિનભાઈ માંડવિયા ગયા હતા. ત્યાં સૌએ પ્રાકૃત્તિક વાતાવરણમાં કસરતો કરી, મહાદેવના દર્શન કરી, મહા પ્રસાદ લઈ આનંદ માણ્યો હતો.





# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

### અન્નદાન એ મહાદાન, 3000 પરિવારોનું યોગદાન


પી.એન.આર. સોસાયટી સંચાલિત, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક વર્ષ ૨૦૦૧ થી કાર્યરત છે. આ વિભાગનો મુખ્ય હેતુ વિકલાંગ ભાઈ-બહેનોને કોમ્પ્યુટરની વિનામૂલ્યે તાલીમ આપી સ્વનિર્ભર બનાવવાનો છે. ગુજરાતભરના વિકલાંગ ભાઈ-બહેનો અહીં તાલીમ મેળવવા આવે છે. જેમાં શારીરિક વિકલાંગતા, શ્રવણમંદતા, સેરેબ્રલ પાલ્સી, આંશિક અંધત્વ ધરાવતાં તાલીમાર્થીઓનો સમાવેશ થાય છે. ૨૦૦૧ થી ૨૦૧૬-૧૭ ના વર્ષ સુધીમાં વિવિધ કોર્સમાં **૨૨૯૮** જેટલું એનરોલમેન્ટ થયું છે. બહારગામથી આવતાં તાલીમાર્થીઓ માટે ભાઈ-બહેનો માટેની અલગ અને સંપૂર્ણપણે અવરોધમુકત વિનામૂલ્યે હોસ્ટેલની સવલત પણ છે. તાલીમાર્થીઓ મોટાભાગે ગ્રામ્ય વિસ્તારના, ઓછો અભ્યાસ ધરાવતાં અને અત્યંત ગરીબ પરિવારમાંથી આવે છે. આ તાલીમાર્થીઓને તાલિમ તથા રહેવા-જમવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં સંસ્થાને ખૂબજ આર્થિક સહાયની જરૂરત રહે છે. હોસ્ટેલમાં દર મહિને સરેરાશ ૨૦ થી ૨૫ તાલીમાર્થીઓની સંખ્યા રહે છે. આ તાલીમાર્થીઓને બંને સમય ભોજનની વ્યવસ્થા માટે પી.એન.આર. સોસાયટીને મદદ કરવા અંદાજે **3000 પરિવારે** સ્વૈચ્છિક જવાબદારી સ્વીકારેલ છે. દરેક પરિવાર દર મહિને એકવાર **એક ભોજન ટિફીન**નું દાન આપે છે. દરેક પરિવાર માટે ભોજન ટિફીનની તારીખ નિયત કરવામાં આવી છે. જે તારીખે ભોજન ટિફીન આપવાનું હોય તેને એક દિવસ અગાઉ ખાલી ટિફીન દાતાના ઘરે પહોંચી જાય છે અને બીજે દિવસે જે તે પરિવારે તેમના ઘર માટે જે ભોજન બનાવ્યું હોય તે , ભોજનનું ટિફીન ભરી આપવામાં આવે છે. આમ, આ દાતા પરિવાર તેમના ઘરની સંખ્યામાં માત્ર એક વધારે વ્યકિતની જરૂરિયાત જેટલું વધુ ભોજન બનાવતાં, હોઈ વિશેષ કોઈ તૈયારીની પણ જરૂર રહેતી નથી. આ સમગ્ર વ્યવસ્થાનું સંચાલન **શ્રી રમેશભાઇ પરમાર** કરે છે. અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના, ઠાસા ગામના વતની રમેશભાઈ પરમાર નિરાધાર હોવા છતાં, સ્વૈચ્છિક રીતે કોઈપણ જાતનો પગારની અપેક્ષા વગર કાર્ય કરે છે. ટિફીન લેવા મુકવા જવા માટે દરરોજ રિક્ષાખર્ચ પણ ઘણો આવે છે. ભોજન ટિફીનના દાતા ટિફીનની સાથે રિક્ષાખર્ચ પેટે પાંચ રૂપીયા પણ આપે છે. જો કે, આ રકમથી રિક્ષાખર્ચની રકમ સરભર થતી નહી



હોવાથી, રીક્ષાભાડાના ખર્ચનો તફાવત, પી.એન.આર. સોસાયટી દર મહિને રમેશભાઈને ચૂકવી આપે છે. શ્રી રમેશભાઈ છેલ્લાં ઘણાં સમયથી આ સેવા પ્રવૃત્તિ કરી રહયાં છે. અભણ હોવા છતાં દાતાના નામ-સરનામા રાખવા, ટિફીન માટેની તારીખ નકકી કરવી, વિગેરે કાર્ય તેમની આત્મસૂઝથી કરે છે. ઠંડી, ગરમી કે વરસાદના દિવસો હોય, ગમે તેવી તબિયત ખરાબ હોય તો પણ રમેશભાઈ, તેમણે સ્વીકારેલ જવાબદારી રોજબરોજ પૂર્ણ કરે છે. જો કે, રમેશભાઈના આરોગ્યની કાળજી PNR સોસાયટી દ્વારા રખાય છે. PNR હોસ્પિટલમાં તેમની બિમારી સમયે નિદાન, સારવારનો ખર્ચ પી.એન.આર. સોસાયટી ભોગવે છે. તેમને દર મહિને જે દવા ખર્ચ થાય તે પી.એન.આર. સોસાયટી ચૂકવી આપે છે. કહેવાય છે કે, **અન્નદાન એ મહાદાન** છે. ગરીબ અને ગ્રામ્ય વિસ્તારના વિકલાંગ ભાઈ-બહેનોને જમાડવાનું આ ભગીરથ કાર્ય માટે પી.એન.આર. સોસાયટી દાતા પરિવારની ઋણી છે. સાથો-સાથ **રમેશભાઇ જેવા કાર્યકર** સંસ્થાને મળ્યા છે એ ગૌરવની વાત છે.

### અહીંયા આવીએ ત્યારે દર વખતે નવું જોવા મળે

PNR સોસાયટીના શુભેચ્છક શ્રી હિંમતલાલ જે. પારેખ તથા તેમના પત્ની શ્રીમતી હંસાબેને ર ડિસેમ્બર ‘૧૭ના રોજ સંસ્થાની મુલાકાતે પધારેલ. PNR સોસાયટીના સહમંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડે તેમને સંસ્થા દર્શન કરાવેલ. PNR સોસાયટી તથા સંલગ્નિત સંસ્થાઓના તમામ વિભાગોની તેમણે મુલાકાત લીધી હતી. તેમણે PNR સોસાયટી સંચાલિત AT&T ટેકનોલોજી પાર્કની મુલાકાત લીધી અને વિકલાંગ ભાઈ-




બહેનોને અપાતી તાલીમ પ્રવૃત્તિ નિહાળી, આનંદ વ્યકત કરી જણાવ્યું હતું કે, ‘‘અહીં સંસ્થામાં મુલાકાત લઈએ છીએ ત્યારે દર વખતે અમોને નવું જોવા મળે છે.’’



# સંક્ષિપ્ત સમાચાર

✍ વૈશાલી યોગી
અને લીલા ચૌહાણ



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### ૧. અનામપ્રેમમાં શાળાની ઝળહળતી સિધ્ધિ :

ઓલ ઈન્ડિયા લેવલની વિશાખાપટ્ટનમ ખાતે, શ્રવણમંદ બાળકો માટે અનામપ્રેમ સંસ્થા તરફથી યોજાયેલ વિવિધ ઈવેન્ટસમાં ત્રણ સ્પર્ધાત્મક ઈવેન્ટ ગાયન સ્પર્ધા, અભિવ્યકિત સ્પર્ધા, અને ન્યુઝ રીપોટિંગ ભાવનગરની ખ્યાતનામ શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ શાળાનું, ભાવનગરનું અને ગુજરાતનું નામ રોશન કરેલ છે. **ગાયન સ્પર્ધા**માં સાદીયાહ ખોખર, **અભિવ્યકિત સ્પર્ધા**માં રાજન ધંધુકિયા અને ગોપીરાજ ગોહિલ તથા ન્યુઝ રીપોટિંગમાં અનીલ ધરાજીયા પ્રથમ નંબરે આવેલ. ન્યુઝ રીપોટિંગનો વિષય **શ્રવણમંદોની હાડમારીઓ** હતો. જેમાં પ્રથમ ક્રમે આવેલ. અનીલ ધરાજીયાનું રીપોટિંગ એટલું સચોટ અને સુંદર હતું, કે તે **રીપોર્ટિંગ**, આયોજકોએ વાસ્તવમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને મોકલવાનું નકકી કર્યું છે. સંસ્થાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તથા આચાર્યશ્રીઓએ, સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને શુભેચ્છા પાઠવેલ.

### ૨. "એરફોર્સ ડે" નિમિત્તે "કૃષ્ણલીલા" :

૬ ઓકટોબર ***૮૫ મો એરફોર્સ ડે*** નિમિત્તે ગાંધીનગર ખાતે, ગર્વનરશ્રી ઓ.પી. કોહલી તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતીમાં ખાસ ઉત્સવ ઉજવાયેલ. જેમાં શ્રી ખી. લ. બહેરાઓની શાળાના બધિર બાળકો દ્વારા બહુવિખ્યાત કૃતિ **કૃષ્ણલીલા** રજૂ કરાયેલ, જેને ઉપસ્થિત સૌ કોઈએ ખૂબજ વખાણી, તેમજ ગુજરાત સરકાર તરફથી રૂા. એક લાખનો પુરસ્કાર આપી સમગ્ર ટીમને તથા શિક્ષક શ્રી કીર્તિદેવસિંહ ગોહિલને સન્માનિત કરવામાં આવ્યાં.

### ૩. વાલી મીટિંગ :

૧૪ ઓકટોબરથી શાળામાં દિવાળી વેકેશન પડયું. તે પૂર્વે શાળામાં **વાલી મીટિંગ**નું આયોજન કરેલ. વાલીઓએ, વર્ષ દરમિયાન તેમના બાળકોએ કરેલી પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવેલ. વાલી મીટિંગનું સંચાલન ધો. ૮ માં ભણતાં **શિવમ પાનસુરિયા**એ સાઈનમાં કરેલું. આમ કરવાનો ઉદ્દેશ્ય વાલીઓને આ બાળકોની માતૃભાષા સાઈન વિશે જાગૃત કરવાનો હતો. મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, ગૃહમાતા તથા આચાર્યશ્રીએ પ્રસંગને અનુરૂપ ઉદ્‌બોધન કરેલ. વેકેશનના આગલા દિવસે બધાજ બાળકોએ વર્ગ સફાઈ કરેલ, શાળાને સુશોભિત કરેલ અને વિવિધ રંગોળી બનાવેલ. આચાર્યશ્રીએ બાળકોને તહેવારોની શુભેચ્છા આપેલ.

### ૪. સરોવર પાર્ટીકો હોટલની મુલાકાત :

ભાવનગર શહેરના વિકટોરિયા પાર્કની બરોબર સામે આવેલ, ભાવનગરના લીલા ગ્રુપની હોટલ **એફ સી સરોવર પાર્ટીકો**માં તા.૧૦/૧૧/૧૭ ના રોજ **કેક મિકસીંગ**નો સમારોહ યોજાયેલ. જેમાં શાળાના બાળવર્ગ-૧ અ-બ વર્ગના બાળકોને જોડાવાનું આમંત્રણ મળેલ. બાળવર્ગ-૧ અ-બના ૧૬ બાળકો અને શિક્ષકશ્રી સેજલબેન મહેતા અને ફાલ્ગુનીબેન આ સમારોહમાં ભાગ લીધો હતો. નાના-નાના ભૂલકાંઓને હસ્તે ખ્રિસ્તીઓના તહેવાર **નાતાલની ઉજવણી** માટે કેક મિકસીંગ કરાવાયું હતું, જેમાં સૂકો મેવો, ફળો અને સુગંધી પ્રવાહી નાખવામાં આવેલ. બાળકોએ આ પ્રવૃત્તિની ખૂબ મજા માણેલ. ત્યાર પછી બાળકોને નાસ્તો કરાવવામાં આવ્યો.

### ૫. આચાર્યશ્રી ઈલાબેન એવોર્ડથી સન્માનિત :



**શિક્ષક દિન**ના અનુસંધાને તા. ૧૪/૧૧/૧૭ બાલદિનના દિવસે શાળાના આચાર્યશ્રી ઈલાબેન મજમુદારને **નેશનલ બિલ્ડર એવોર્ડ-૨૦૧૭** થી ભાવનગરની વાલ્કેટ ગેઈટ સ્થિત શાળા નં. ૧૧/૧૨ માં ઈનર વ્હીલ કલબ દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં. રોટરી ઈન્ડિયન લીટ્રસી મિશન અંતર્ગતના પ્રોજેકટ અન્વયે, શિક્ષક તરીકે આ દેશ માટે બાળકોના મૂલ્યવાન ઘડતર માટેની કામગીરી કરવા બદલ ભાવનગરની જૂદી-જૂદી શાળાઓમાંથી કુલ **૬ શિક્ષકોને સન્માનિત** કરાયાં. શાળાના બાળકો, શિક્ષકો તથા મંત્રીશ્રીએ શ્રી ઈલાબેનને અભિનંદન પાઠવેલ. આ કાર્યક્રમમાં શાળાના બાળકો-શ્રીમબહેનની ટીમે સુંદર અભિનય રજૂ કરેલ.

### ૬. ખેલ મહાકુંભ - ૨૦૧૭ :

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત સરકાર દ્વારા **ખેલ મહાકુંભ - ૨૦૧૭**નું આયોજન થયેલ. તા.૧૫/૧૧ થી તા. ૧૮/૧૧ દરમિયાન અમદાવાદ ખાતે યોજાયેલ સ્પર્ધાઓમાં આપણી શાળાના ૬૨ બાળકોએ વિવિધ રમતો જેવી કે, ચેસ, વોલીબોલ, એથ્લેટિક (દોડ) માં ભાગ લીધેલ, જેમાં ત્રણેય રમતમાં બાળકો વિજેતા થયેલ અને ટોટલ **૪૨ મેડલ** પ્રાપ્ત કરેલ. જેમાં ચેસમાં-૨, વોલીબોલમાં ૨૬, એથ્લેટિકમાં ૧૪ મેડલ મેળવેલ જે અંતર્ગત ૨ ગોલ્ડ મેડલ, ૬ સિલ્વર મેડલ અને ૩૪ બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધારેલ. સમગ્ર રમતોના સારા દેખાવ માટે શાળાના મંત્રીશ્રી, આચાર્યશ્રી તથા શિક્ષક મિત્રોએ ખૂબજ અભિનંદન પાઠવેલ તેમજ સમગ્ર રમતોની તૈયારી, કોચિંગ માટે શાળાના રમત શિક્ષકશ્રી સંદિપભાઈ ગોસ્વામીએ ખૂબજ જહેમત ઉઠાવેલ.

**૧. ચેસ :** જેનિસ પોપટ- સિલ્વર મેડલ મેળવેલ, મીત ચોલેરા- બ્રોન્ઝ મેડલ મેળવેલ.

**૨. વોલીબોલ :** જેમાં ૧૬ વર્ષની ઉપરના ભાઈઓ-બહેનો તથા ૧૬ વર્ષની નીચેના ભાઈઓ કુલ ૩ ટીમોને ૨૬ બ્રોન્ઝ મેડલ મેળવેલ.

**૩. એથ્લેટિક : દોડ :** પ્રભા સોલંકી - ૧ ગોલ્ડ મેડલ (૧૦૦ મીટર)

**લાંબી કૂદ :** પારૂલ ચુડાસમા - ૧ ગોલ્ડ મેડલ

**સિલ્વર મેડલ :** પારૂલ ચુડાસમા - બરછી ફેંક - ૧ સિલ્વર મેડલ, માનસી ધાસકટ્ટા - ૪/૧૦૦ રિલેદોડ સિલ્વર મેડલ,



કોમલ મેણિયા - ૪/૧૦૦ રિલેદોડ સિલ્વર મેડલ, બંસરી ધંધુકિયા - ૪/૧૦૦ રિલેદોડ સિલ્વર મેડલ, કાજલ ખૂંટી - ૪/૧૦૦ રિલેદોડ સિલ્વર મેડલ

**બ્રોન્ઝ મેડલ :** પ્રભા સોલંકીને ૪૦૦ મી. દોડ, કોમલ ડાંગરને લાંબીકૂદમાં, માનસી ધાસકટ્ટા ૧૦૦ મી. દોડમાં, પ્રભા સોલંકી ૪/૧૦૦ રિલેદોડમાં, મનીષા કાર ૪/૧૦૦ રિલેદોડમાં, નફીસા મહેતર તથા જાનવિકા કવાડે ૪/૧૦૦ રિલેદોડમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ.


શ્રી ખી.લ.બહેરાં મૂંગા બાળકો તથા ટીમનો ખેલ મહકુંભ-૨૦૧૭ માં ખૂબ ઉત્કૃષ્ટ દેખાવ રહેલ. ટીમ મેનેજર તરીકે શ્રી રાજેન્દ્રભાઈ પરમાર, શ્રી ફાલ્ગુનીબેન મકવાણા, શ્રી ગજાનંદભાઈ ભટ્ટ તથા શ્રી સંદિપભાઈએ ઉત્કૃષ્ટ કામગીરી કરેલ. સૌએ વિજેતા બાળકો તથા રમત શિક્ષક શ્રી સંદિપભાઈ ગોસ્વામીને ખૂબ-ખૂબ અભિનંદન આપેલ.

# શાળામાં "વિશ્વ વિકલાંગ દિવસ" ની ઉજવણી

'વિશ્વ વિકલાંગ દિવસ' વૈશ્વિક રીતે ઉજવાય છે. વિકલાંગ લોકોનો ખૂબ મોટો સમૂહ છે. ૧૯૭૬માં **યુનાઈટેડ નેશન**ની જનરલ એસેમ્બલીમાં નકકી થયું કે, ૧૯૮૧નું વર્ષ **'વિશ્વ વિકલાંગ વર્ષ'** તરીકે ઉજવવું અને ૧૯૭૬ થી ૧૯૮૧ના વચ્ચેના ૫ વર્ષમાં તેની તૈયારીઓ થઈ. ત્યારબાદ ૧૯૯૨માં ફરી યુનાઈટેડ નેશન દ્વારા **૩જી ડિસેમ્બર 'વિશ્વ વિકલાંગ દિવસ'** જાહેર થયો.


આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ વિકલાંગોને સારી રીતે સમજવાનો છે અને લોકોમાં વિકલાંગોના હક્ક, સન્માન, અને જીવનસ્તરની જાળવણી કરવા બાબતે જાગૃતિ લાવવી, તે અનુસંધાને આ દિવસે શાળામાં બે કાર્યક્રમો યોજાયાં. પ્રથમ કાર્યક્રમમાં શાળાના તમામ બાળકોએ મહાવીર ઓડિટોરીયમના સ્ટેજ પર આવી રમત-ગમત, નાટક, માઈમ રજૂ કરીને આનંદ મેળવ્યો.

બપોર પછી સરદારનગર સર્કલ ખાતે, પી.એન.આર. સોસાયટી સંલગ્નિત સંસ્થાઓ, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, નટરાજ સી.પી. સ્કૂલ તથા શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળાના બાળકોના સહિયારા પ્રયત્નોથી સુંદર કાર્યક્રમ યોજાયો. સરદાનગર સર્કલમાં મોટા સ્ક્રીન પર, પી.એન.આર. સોસાયટી સંલગ્નિત સંસ્થાઓની વિશિષ્ટ શાળાઓની વિવિધ પ્રવૃત્તિઓનું ફોટો નિદર્શન (PPT) કરવામાં આવ્યું, તેમજ સુંદર અભિનય દ્વારા, તેમજ ગાયન દ્વારા પ્રાર્થના રજૂ કરાય. આ કાર્યક્રમના અતિથિવિશેષ શ્રી વિપુલભાઈ પટેલે (પ્રમુખશ્રી, ભાવનગર શેર ઈન્વેસ્ટર્સ એન્ડ બ્રોકર એસોસિએશન) કાર્યક્રમમાં હાજરી આપી, બાળકોને પ્રોત્સાહિત કર્યાં. ત્યારબાદ શાળાના બાળકોએ આયોજિત હેન્ડીક્રાફટ અને ખાણી-પીણીના સ્ટોલની મુલાકાત લીધી હતી. શાળાના મંત્રીશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકો, સૌ કોઈએ કાર્યક્રમમાં હાજરી આપી, બાળકોને પ્રોત્સાહિત કરેલ.



# સંક્ષિપ્ત સમાચાર

ડૉ.કાજલબેન બોરડ



## શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર

પી.આર. વાઘર વર્કશોપ દ્વારા જૂલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર-૧૭ દરમ્યાન કુલ ૧૨ ની-બ્રેસના કેમ્પ કરવામાં આવેલાં હતાં. જેમાં મદ્રાસ, હૈદરાબાદ, તીરુર, મુંબઈ, જયપુર, જલંધર, પુના, મૈસુર, કુડલોર, દિલ્હી મુકામે કેમ્પો કરવામાં આવેલ. જેમાં કુલ મળીને લગભગ ૪૭૫ લાભાર્થીઓને કુલ ૧૦૦૦ જેટલી ની-બ્રેસ પૂરી પાડવામાં આવી હતી. જેમાં કુડલોરનો કેમ્પ કેન્દ્ર સરકારશ્રીની કચેરી, **હેલ્પેજ ઈન્ડિયા** દ્વારા યોજવામાં આવેલ. ની-બ્રેસના ઉપયોગથી, **ની-રીપ્લેસમેન્ટ**ની જરૂરિયાત રહેતી નથી અને દર્દીને ઘૂંટણના દુખાવામાં રાહત રહે છે.


જયારે લોકલ લેવલે જૂલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર-૧૭ દરમિયાન કુલ **૨૭૫** જેટલાં લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે જેમાં લાભાર્થીઓને આશરે ૧૭૦ જેટલાં જુદા-જુદા સાધનો જેવા કે, આર્ટિ. હેન્ડ, આર્ટિ. લેગ, વાલગસ પેડ, એલ. એસ. બેલ્ટ, ની-બ્રેસ વિગેરે સાધનો પૂરાં પાડેલ છે. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને **સર્વાઈકલ કોલર**, ફકત ટોકન પેમેન્ટથી આપવામાં આવ્યાં. સપ્ટેમ્બર મહિનામાં પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા દ્વારા દર વર્ષની માફક પોરબંદર મુકામે તેમના આશ્રમમાં કૃત્રિમ હાથ-પગ તેમજ કેલિપર અને અન્ય સાધનોનો કેમ્પ કરવામાં આવેલ. જેમાં કુલ ૯૦ જરૂરિયાતમંદ દિવ્યાંગોને લગભગ ૧૦૦ જેટલાં જુદા-જુદા સાધનો પૂરા પાડવામાં આવેલ. જેમાં સંસ્થાના પી.ઓ. કુ. કાજલબેન બારડે ઉત્કૃષ્ટ સેવા બજાવેલ.



## "બાલદિન નિમિત્તે શાળાના બાળકો બન્યા, રાષ્ટ્રપતિભવનના મહેમાન..."




૧૪મી નવેમ્બર **બાલ દિવસ** નિમિત્તે બહેરાં-મૂગામાં વિવિધ ક્ષેત્રોમાં આગળ હોઈ તેવા છ બાળકો અને શિક્ષકશ્રી બીનાબેને રાષ્ટ્રપતિભવન દિલ્હી ખાતે, ભારતના રાષ્ટ્રપતિશ્રીના મહેમાન બનવાનો લહાવો મળેલ. શ્રી જવાહરલાલ નહેરુની જન્મજયંતિ એટલે **બાલદિન**. આ દિવસે ભારતભરની વિવિધ શાળાઓને રાષ્ટ્રપતિ ભવન જવાનું આમંત્રણ મળે છે. તે અનુસંધાને શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળાના ૫ થી ૧૪ વર્ષની વયના ૬ બાળકોને લઈ શાળાના શિક્ષકશ્રી બીનાબેન ગયેલ. વિશાળ રાષ્ટ્રપતિભવન નિહાળી બાળકો અભિભૂત બનેલ. રાષ્ટ્રપતિ ભવનમાં પ્રવેશ મેળવી, મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિદને મળેલ અને તેમની સાથે યાદગાર ફોટોસેશન કરેલ. ત્યારબાદ રાષ્ટ્રપતિ ભવનમાં રહેલ મ્યુઝિયમ અને ગાર્ડનની મુલાકાત લીધેલ. મ્યુઝિયમમાં અત્યાર સુધીના રાષ્ટ્રપતિએ ઉપયોગ કરેલ વિવિધ વસ્તુઓ, તસ્વીરો, જૂની ગાડીઓ, બગીચો, ભવનના રસોડાનું મોડેલ, ઓફિસનું મોડેલ વગેરે નિરાંતે નિહાળ્યાં. ચાર માળમાં ફેલાયેલાં આ મ્યુઝિયમને જોવાની બાળકોને ખૂબ મજા આવી. રાષ્ટ્રપતિ ભવનમાં કામ કરતાં લગભગ ૪૦૦ કર્મચારીઓના કુટુંબના બાળકો માટેના કલ્યાણ કેન્દ્રની મુલાકાત બાળકોએ લીધેલ અને આ બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળેલ. છેલ્લે અલ્પાહાર લઈ સાંજની ટ્રેઈનમાં બાળકો તથા શિક્ષકશ્રી પરત આવેલ. શાળામાં સૌએ તેમને અભિનંદન પાઠવેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ સંતોષ યાદવ



## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એચ.આઈ.)

### ૧. ગરબા શૃંગાર માટેની તાલીમ:

ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તમામ તાલીમાર્થી બહેનો માટે કુ. રિધ્ધિ જોષી (પ્રશિક્ષક-ક્રાફ્ટ) દ્વારા ગરબા શૃંગારની તાલીમ તા. ૨૧-૬ ને ગુરુવારના રોજ યોજાઈ હતી.

### ૨. નવરાત્રિની ઉજવણી :

ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તમામ તાલીમાર્થીઓ અને કર્મચારીઓ ખૂબ જ ઉત્સાહથી ગરબે ઘુમ્યાં હતાં, અને નવરાત્રિનો આનંદ માણ્યો હતો.

### ૩. વિશ્વ બધિર દિવસની ઉજવણી :

તા. ૨૬-૯ ના રોજ વિશ્વ બધિર દિનની ઉજવણી થઈ હતી. જેમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના બી.એડ્ અને ડી. એડ્. ના તાલીમાર્થી બહેનોએ ઘુમ્મર રાસ અને તાલીમાર્થી ભાઈઓએ જળ બચાવો વિષય પર માઈમ રજૂ કર્યું હતું. રકતદાન કેમ્પમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ શ્રી સંતોષભાઈ યાદવ અને ૧૦ વિદ્યાર્થીઓ સહિત કુલ ૧૧ બોટલ રકતદાન ટીચર્સ ટ્રેનિંગ કોલેજ તરફથી કરવામાં આવ્યું હતું.

### ૪. D.Ed.Spl.Ed. (HI) (૨૦૧૫-૧૭) અને (૨૦૧૬-૧૮) ની પ્રાયોગિક પરીક્ષા :

તા. ૨૬-૨૭-૨૮/૯ ના રોજ D.Ed.Spl.Ed. (HI) (૧૫-૧૭) અને (૧૬-૧૮) ના તાલીમાર્થીઓના અનુક્રમે વાર્ષિક પાઠ, IEP અને CBR તથા સ્પીચ અને ઓર્ડિયો-લોજીની પ્રાયોગિક પરીક્ષા બાહ્ય મૂલ્યાંકનકાર દ્વારા લેવાયેલ.

### ૫. શ્રી નીતિનભાઈ નિમાવત અને D.Ed. Spl. Ed. (HI) (૨૦૧૫-૧૭)ના તાલીમાર્થીઓનો વિદાય સમારંભ :

તા. ૨૯/૯ ના રોજ ટીચર્સ ટ્રેનિંગ કોલેજના લેકચરર શ્રી નીતિનભાઈ નિમાવતને અંધજન મંડળ-ભૂજ ખાતે, સરકારી નોકરી મળતાં તેઓનો અને D.Ed.Spl.Ed. (HI) (૨૦૧૫-૧૭) ના તાલીમાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો.

### ૬. જનરલ કલબ (JC) :

શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી ટીચર્સ ટ્રેનિંગ કોલેજ દ્વારા શરૂ કરાયેલી જનરલ કલબ (JC) માં તા. ૨૩/૯ ના રોજ શ્રી અજીત અને શ્રી ધનંજય દ્વારા **આપણું બંધારણ** શ્રી હેમકરન, શ્રી પ્રદિપ સુથાર દ્વારા **સર્વગ્રાહી મૂલ્યાંકન** વિષય પર, શ્રી અંબિકેશ, શ્રી સેવેન્દ્ર, શ્રી ગણપત દ્વારા ગણિત શિક્ષણ પર અને સુ.શ્રી સ્તુતિબેન, શ્રી મનિષકુમારએ પ્રસ્તુતિ કરી હતી. તમામ(JC) ના માર્ગદર્શક તરીકે અનુક્રમે શ્રી સંતોષભાઈ યાદવ, શ્રી દિપકભાઈ પટેલ અને સુ.શ્રી મંજુબેન યાદવે ફરજ બજાવેલ.

### ૭. રંગોળી સ્પર્ધા :

તા.૧૧-૧૦ ના રોજ ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા તેમના વર્ગને રંગોળીથી સુશોભિત કરવાની સ્પર્ધા યોજાય હતી. જેમાં (D.Ed. 1st year, 2nd year) અને (B.Ed. 1st year, 2nd year)ના વર્ગો તાલીમાર્થીઓએ આકર્ષક રંગોળીથી સજાવ્યાં હતાં. તમામ તાલીમાર્થીઓને ટીચર્સ ટ્રેનિંગ કોલેજના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ શ્રી સંતોષભાઈ યાદવે તથા શ્રી દિપકભાઈ પટેલ અને સુ. શ્રી મંજુબેન યાદવે પ્રોત્સાહિત કર્યા હતાં.

## સ્નેહ મિલન : દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સંગાથે સંવત ૨૦૭૪ની યાત્રાનો પ્રારંભ

**પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓના ટ્રસ્ટીગણ, કર્મચારીગણ અને શિક્ષકગણનું સ્નેહ મિલન શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા ખાતે, તા. ૨૪ ઓકટોબર ૨૦૧૭ ના રોજ આયોજવામાં આવેલ. નવા જોમ અને હર્ષોલ્લાસ સાથે સ્નેહ સંમેલનને સંસ્થાના પ્રમુખ શ્રી શશીભાઈ વાઘરે, તાજેતરની ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે આપણાં દિવ્યાંગ બાળકો-શિક્ષકોની દરિયાઈ સફરની આંતરરાષ્ટ્રિય ખ્યાતીને બિરદાવી, આ સંયુકત સહકારના યોગદાનનું ફળ છે તેમ ગણાવી, ખૂબ અભિનંદન અને ધન્યવાદ પાઠવ્યાં અને આવનાર વર્ષોમાં સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશિષ આપ્યાં. શેઠ શ્રી વી.સી.લોઢાવાળા હોસ્પિટલના કાર્યકર શ્રી વી.ડી. શાહે પણ 'ફેરીના લોકાર્પણ' નો હવાલો આપી, સર્વેના તન-મનની સુખાકારીની કામના કરી. શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહે, પી.એન.આર. ઓફિસ અને સંસ્થા વચ્ચેના સંબંધો, સહકાર અને વડાપ્રધાનની દિવ્યાંગો સાથેની ગોષ્ઠીની તેમણે માણેલ હળવી પળો, ખાસ હમદર્દી અને દરેક દિવ્યાંગ વિદ્યાર્થીઓને આપેલ લેપટોપની ભેટ વગેરેની રોચક વાતો કરી. ભારતનો અને પી.એન.આર. સોસાયટીનો ઈતિહાસ, ઘોઘા-દહેજ રો-રો ફેરીથી જોડાઈ ગયો. સારા કામમાં ઈશ્વર મદદ કરે જ છે તેનું આ પરિણામ છે એવો એક ભાવ રજૂ કરી, વધુ સારુ કામ આવતાં સમયમાં કરવાનો સંકલ્પ કર્યો. મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહે (બાબાભાઈ) સમસ્ત પરિવારને આશીર્વચન આપ્યાં, જ્યારે મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ આભારવિધિ કરેલ હતી.**



# સંક્ષિપ્ત સમાચાર

✍ બિન્દીબેન ત્રિવેદી



## શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા - છાત્રાલય

### "શ્રીમતી રશ્મિ-મનહર સહાયનિધિ કોર્પસ ફંડના ૭૫ લાભાર્થીઓને "દિવાળી-ઉત્સવ" વિતરણ

આર્થિક રીતે નબળી પરિસ્થિતિ ધરાવનાર પુખ્ત ઉંમરના બહેરાં મૂંગા વ્યકિતઓને રાહતદરે અનાજ તથા જીવન જરૂરિયાતની વસ્તુઓ મળી રહે તે માટે ચાલતી યોજના, **"શ્રીમતી રશ્મિ-મનહર સહાયનિધિ કોર્પસ ફંડ"** ના કેટેગરી **સી**, **ડી** અને **ઈ** ના કુલ ૭૫ જરૂરિયાતમંદ લાભાર્થીઓ પોતાના ઘરમાં દિવાળીની રોશની કરી શકે, બાળકોને મીઠાઈ ખવરાવી શકે અને નવા કપડાં પહેર્યાનો આનંદ માણી શકે, તે માટે નીચેના દાતાશ્રીઓએ આ પ્રોજેકટમાં આર્થિક, તેમજ કિંમતી વસ્તુ આપીને અમૂલ્ય યોગદાન આપેલ છે.

ભાવનગરની ઈનર વ્હીલ કલબ તરફથી રૂા. ૧૧,૫૦૦ ખાંડ માટે, તેમજ દરેક લાભાર્થીને મીઠાઈનું પેકેટ નંગ-૧ તથા ફરસાણ પેકેટ નંગ-ર આપવામાં આવેલ. શ્રી સંત સેવારામ મંદિર તરફથી કુલ ૭૦ જોડી રેડીમેઈડ શર્ટ-પેન્ટ જોડી આપવામાં આવેલ. કુલ ૩ર ડ્રેસ મટિરીયલ શ્રી કેવલભાઈ શાહ, શ્રી દક્ષેશભાઈ શાહ તથા શ્રી પ્રેમભાઈ સુખેજા તરફથી આપવામાં આવેલ. સ્વ. શ્રી અંબાબેન મકોડભાઈ જાસોલિયાના સ્મરણાર્થે શ્રી કલ્યાણભાઈ મકોડભાઈ જાસોલિયા તરફથી સાડી નંગ-૧૪ તથા એક શુભેચ્છક દાતાશ્રી તરફથી સાડી નંગ-ર૦ તથા નાની દિકરીઓ માટેના પંજાબી સૂટ નંગ-૮ આપવામાં આવેલ. શ્રી અજયભાઈ દોશી તથા શ્રી વિભાબેન દોશી તરફથી દરેક લાભાર્થીને ચોળાફળી, મઠીયા અને ફાફડાના પેકેટ આપવામાં આવેલ. અન્ય એક સદગૃહસ્થ તરફથી લાભાર્થીઓના બાળકોને ફટાકડા આપવામાં આવેલ. સંસ્થા તરફથી દરેક લાભાર્થીને પ્રસંગોચિત લક્ષ્મી-નારાયણના પગલાં, સ્વસ્તિક, કુંભ, લાભ-શુભ, રંગોળી, ગણપતિ, તોરણ, મીણબતીનું પેકેટ-૧ આપવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી અનંતભાઈ એ. શાહ, શ્રી જીતુભાઈ સી. મહેતા, શ્રી મહાસુખભાઈ જકડિયા તથા ઈનર વ્હીલ કલબ ઓફ ભાવનગરના અગ્રણી બહેનોની હાજરી પ્રોત્સાહક બની રહી. આ કાર્યક્રમ સંસ્થાના સંસ્થાના વેલ્ફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીના પ્રયત્નોથી સફળતાને વરેલ.

### "માતાઓના મુખેથી પુસ્તક વિશે..."

કહેવાય છે કે, **"માતા સો શિક્ષકની ગરજ સારે છે"**, અને તે જ વાતને ધ્યાને લઈને શ્રી ખી. લ.બહેરાં મૂંગા શાળામાં શ્રવણમંદ બાળકોની માતાઓને તાલીમ આપવાનો **"મધર ટ્રેનિંગ પ્રોગ્રામ"** શરૂ કરાયો. શ્રવણમંદ બાળકોના શિક્ષણમાં વિશિષ્ટ શિક્ષકોની સાથે આ બાળકોની માતાઓએ તાલીમ લઈ પોતાના બાળકોને શિક્ષણ આપવાની જવાબદારી લીધી ત્યારથી આ બાળકોના વણથંભ્યા વિકાસની વાતો વારંવાર સાંભળવા મળતી.

માતાઓની આ અનુભવગાથાને સંસ્થા દ્વારા **"માતાઓના મુખેથી"** પુસ્તકરૂપે પ્રગટ કરવામાં આવી છે, શ્રવણમંદ બાળકોની માતાઓની-સ્વજનોની વ્યથા-કથાને તેમજ તેમનો સ્નેહ, સહન-શીલતા, ત્યાગ, બલિદાન અને અગાથ પ્રયત્નોને વર્ણવતું આ પુસ્તક બીજા વાલીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહયું છે, આપને પણ જો આ પુસ્તક વાંચવાની ઈચ્છા હોય તો નીચેના સરનામેથી વિનામૂલ્યે મળી શકશે.

પ્રતિ, **મંત્રીશ્રી,**

**શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા,** ૫૧, વિદ્યાનગર, ભાવનગર.

### શ્રવણમંદો માટે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન

શ્રી શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાં મૂંગા શાળા ટ્રસ્ટ દ્વારા સંસ્થામાં દર બે વર્ષે શ્રવણમંદો માટે **વેવિશાળ પસંદગી મેળો** યોજાય છે તે અંતર્ગત આગામી તા. ૧૭/૧ર/૧૭ ના રોજ સંસ્થામાં વેવિશાળ પસંદગી મેળો યોજાશે. ૧૮ થી ૩૫ વર્ષના શ્રવણમંદ યુવક-યુવતિઓએ તા.૧૭/ ૧ર/ર૦૧૭નાં રોજ શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા, વિદ્યાનગર ખાતે હાજર રહેવું.

### અભિપ્રાય

પ્રતિવર્ષની જેમ ર૦૧૮ની સાલના મારા યોગદાન પેટે રૂા. ર૫૦૦૦નો ચેક મોકલાવેલ છે. આપણી સંસ્થા તરફથી **"કોશિશ થી કામયાબી"** ના અંકો નિયમિત મળતાં રહે છે, અને વાંચી પ્રભાવિત પણ થવાય છે.

- **કિશોરભાઈ શુકલા**ના જયશ્રીકૃષ્ણ - કેનેડા



# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### ૧. પ્રકાશપર્વ દિપાવલીની ઉજવણી :



શાળા ખાતે, તા.૧૧/૧૦ ના રોજ **પ્રકાશપર્વ દિપાવલીની ઉજવણી** કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને ત્યારબાદ મહેમાનોનું શાબ્દિક તેમજ સ્મૃતિભેટથી સ્વાગત કરેલ. બાળકો દ્વારા સુંદર રીતે સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવેલ. શાળાની વિદ્યાર્થીની કુ. રાઠોડ મિનલે દિપાવલી પર્વ વિશે માહિતી આપેલ. દર વર્ષની શ્રી નિમેષભાઈ દેસાઈ (જીતુભાઈ ફટાકડાવાળા) દ્વારા દરેક બાળકોને ફટાકડાનું વિતરણ કરવામાં આવેલ.

### ૨. રો-રો ફેરીમાં વડાપ્રધાનશ્રી સાથે બાળકો :



તા.૨૨/૧૦ના રોજ **ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસ**ના ઉદ્ઘાટન અંતર્ગત ઘોઘા થી દહેજ બોટમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સાથે શાળાના ૨૦ બાળકો તથા ૩ સ્ટાફ મિત્રોએ મુસાફરીનો આનંદ માણેલ. વહીવટીતંત્ર દ્વારા બોટમાં જ બાળકો માટે લંચની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ.

### ૩. ICT વિષય પર સેમિનાર સંપન્ન :

તા.૧૪/૧૦ ના રોજ શાળા ખાતે, **ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી** વિષય ઉપર શાળામાં સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં નિવૃત્ત પ્રોફેસર શ્રી નવનીતભાઈ રાઠોડે કોમ્યુનિકેશન ટેકનોલોજી વિશે ઝીણવટભરી તેમજ રસપ્રદ શૈલીમાં માહિતી આપેલ. ટ્રસ્ટી શ્રી ડી. જે. ધંધુકિયા તેમજ આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના સંકલન તથા આયોજનથી સમગ્ર સેમિનાર ખૂબ જ સુંદર રીતે સંપન્ન થયેલ.

### ૪. સ્પેશ્યલ ખેલ-મહાકુંભમાં શાળાની સિધ્ધિ :




હિંમતનગર ખાતે, **મનોદિવ્યાંગ-મંદબુધ્ધિ બાળકોના રાજ્યકક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં અંકુર શાળાના ૧૦ બાળકોએ વિવિધ એથ્લેટિક્સ અને ટીમ ગેઈમ્સમાં ભાગ લઈ સુંદર પ્રદર્શન કરી રાજ્ય કક્ષાએ અંકુર શાળાનું નામ અને ગૌરવ વધારેલ. કોચ તરીકે શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી તેમજ એસ્કોર્ટ તરીકે શ્રી મોનાલીબેન ઉપાધ્યાય તથા શ્રી અમીતાબેન પટેલે સુંદર કામગીરી કરેલ. ગોળાફેંક સ્પર્ધામાં રાઠોડ મિનલે સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ.

**To the family of Antubhai Rawal and PNR Society**

I was greatly saddened to learn of the passing away of Antubhai Rawal. I first met him in 1995 when I visited PNR Society on behalf of Impact Foundation. Since then we got to know each other better and became good friends. He impressed me as a person who led a well organised and disciplined life, dedicated to the well being of PNR Society. At most of my visits to Bhavnagar we made sure of allowing time for friendly meeting and about the progress of the Society As an invaluable member of the Society, he will be missed. My condolences to all members of Antubhai's family and PNR Society. May his soul rest in peace. **- I. Sardharwlla**

# અમો ઋણી છીએ દાતાઓના

## ૧ ઓક્ટોબર-૨૦૧૭ થી ૩૦ નવેમ્બર-૨૦૧૭ સુધી
## રૂ. ૧૦૦૦ કે તેથી વધારે મળેલ રકમની દાનની યાદી

## P. N. R. SOCIETY

### (80-G)

| | |
|---|---|
| Shri Ilaben Anantrai Shah - Bhavnagar | 1,000 |
| Shri Kavitaben Parasbhai Shah - Bhavnagar | 1,000 |
| Well Wisher - Bhavnagar | 1,000 |
| Shri Dhimantbhai Somabhai Patel - Bhavnagar | 5,000 |
| Shri Kiritbhai Chotalal Bhagat - Mumbai | 5,000 |
| Shri Reshmaben Anantray Shah - Bhavnagar | 10,000 |
| Shri Anantrai A. Shah - Bhavnagar | 15,000 |
| Shri Kishorebhai Shukla And Smt Damayantiben Shukla - Canada | 25,000 |
| Shri Kalpana Arvindbhai Ganatra - Mumbai | 11,000 |
| Shri Sneh Seva Charitable Trust - Mahesana | 45,000 |
| Shri Dhruvkumar N. Dave - Rajkot | 10,000 |
| Shri Jitendra Kirtilal Bhansali Trust - Mumbai | 500,000 |
| Dr. Rakesh Markandeya - Solan (H.P.) | 5,000 |
| Shri Yadav Ranjan - Rajapara | 1,000 |
| Estate Of Late Anupamaben Ahemadali Kapasi - Bhavnagar | 10,000 |

### (CSR Project)

| | |
|---|---|
| M/S. Upl Limited - Mumbai | 50,000 |
| M/S. Blue Cross Laboratories Pvt. Ltd. - Mumbai | 1,000,000 |

### (FCRA Project)

| | |
|---|---|
| M/S. Impact Foundation - U.K. | 692,375 |

## K. L. INSTITUTE FOR THE DEAF

### (80-G)

| | |
|---|---|
| Shri Pravinbhai Dihora - Bhavnagar | 1000 |
| Shri Ajaybhai Doshi In Mem. Of Lt. Vivek Ajaybhai Doshi - Bhavnagar | 5000 |
| Shri Ajaybhai Doshi In Mem. Of Lt. Vivek Ajaybhai Doshi - Bhavnagar | 6500 |
| Shri Kaushal Navin Juthani - Mumbai | 11001 |
| Shri Dharam Barrel - Surat | 12000 |
| Shri Savitaben Nanjibhai Makwana - Bhavnagar | 7500 |
| Shri Shashi Prabha - Surat | 36000 |
| Shri Rasiklal Kuvarji Shah - Kolhapur | 2501 |
| Shri Ashvinkumar G. Pandya - Bhavnagar | 51000 |
| Shri Suryakantbhai H. Chavda - Bhavnagar | 30000 |
| Shri Bhupesh Natvarlal Shah - Mumbai | 15000 |
| Shri Jaykishansinh Jadeja - Talaja | 2000 |
| Shri Harshilbhai Gandhi - Bhavnagar | 9000 |
| M/S. Innarwheel Club Of Bhavnagar - Bhavnagar | 11500 |
| Shri Suryakantbhai H. Chavda - Bhavnagar | 1001 |
| Shri Naliniben M. Patel - Bhavnagar | 10000 |
| Shri Prakashbhai Jaydevbhai Patel - Mumbai | 10000 |
| Shri Prakashbhai Jaydevbhai Patel - Mumbai | 10000 |
| Shri M. C. Mehta - Mumbai | 5000 |
| Shri Narendra Ishwarlal Goradia - Mumbai | 1000 |
| Shri Premilaben Khara - Bhavnagar | 2650 |
| Shri Bhanumatiben Balkrushnabhai - Mumbai | 15000 |
| Shri Bhanumatiben Balkrushnabhai - Mumbai | 7000 |
| Shri Jayshree Rathod Kiritkumar Rathod - Bhavnagar | 51000 |
| Shri Kanakben Masrani - Bhavnagar | 4200 |
| Smt. Ilaben Anantrai Shah - Bhavnagar | 50000 |
| Shri Sonal Modi - Bhavnagar | 1000 |
| Shah Priyank Dilipbhai - Bhavnagar | 9000 |
| Shri Dilipbhai Manubhai Dhinglani - Bhavnagar | 5000 |
| M/S. Karp Impex Ltd. - Surat | 151000 |
| Shri Jitendrabhai Ramniklal Shah - Vapi | 1001 |
| Shri Santokben Parvatbhai Ghelani - Bhavnagar | 9500 |
| Shri Santokben Parvatbhai Ghelani - Bhavnagar | 1500 |
| Estate Of Late Anupamaben Ahemadali Kapasi - Bhavnagar | 500000 |
| Shri Shantamani Enterpries - Bhavnagar | 25000 |
| Dr. Yogeshbhai Shirishbhai Upadhyay - Bhavnagar | 6000 |
| Shri Ronakbhai Shah - Bhavnagar | 1000 |
| Shri Sushilaben Mahendrakumar Ghoghari - Bhavnagar | 1001 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

### (80-G)

| | |
|---|---|
| Shri Mahadev Ship Breakers Pvt., L.t.d. - Bhavnagar | 21000 |
| Shri Mitulbhai K. Patel - Bhavnagar | 10000 |
| Well Wishers - Bhavnagar | 9400 |
| Shri Abdeali M. Vohra - Dhangdhara | 5000 |
| Shri Chintanbhai A. Gajjar - Bhavnagar | 5000 |
| Shri Dharmeshbhai Kalotara - Ahmedabad | 2100 |
| Late Jignaben Bhadreshbhai Gandhi-Bhavnagar | 1000 |

**આગામી 2017 NCED મીટ ગુજરાત ચેપ્ટર**

શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળાના યજમાનપદે તા. ૨૦ થી ૨૨ ડિસેમ્બર ૨૦૧૭ નટરાજ રિસર્ચ કોલેજ-ભાવનગર ખાતે યોજાનાર છે, જેમાં દિવ્યાંગોના ક્ષેત્રમાં કામ કરતાં શિક્ષકો દ્વારા નવી-નવી માહિતીઓનો સંચાર થશે.


સી.પી. શાળામાં બાલદિવસની ઉજવણી


એવોર્ડ મેળવતા શ્રી ઈલાબેન મજુમદાર


વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી


હાઈટેક સ્કૂલમાં બાલદિવસની ઉજવણી


શાળામાં વિશ્વ બધિર દિનની ઉજવણી


પૂ.શ્રી રમેશભાઈ ઓઝાના હસ્તે સંસ્થામાં
બનાવેલ કૃત્રિમ હાથ મેળવતા લાભાર્થી



"શ્રીમતી રશ્મિ-મનહર સહાયનિધિ કોર્પસ ફંડના ૭૫ લાભાર્થીઓને "દિવાળી-ઉત્સવ" વિતરણ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 December - 2017 ♦ Posted at 20th of every month at BHAV.RMS ♦ Subscription Rs. 150 per year (12 Issue) ♦ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com